## ખેડબ્રહ્મા શીલવાડ ગામે લાઈટની ડીપીથી ગાયને કરન્ટ લાગતા મોત



શીલવાડ ગામના રબારી કલાભાઈ માહાદેવભાઈની ગાય સીમમાં ચરતી હતી ત્યારે વીજ પોળ ઉપર લગાવેલ ડીપી પરથી તાણીયો નીચે જમીન પર ફિટ કારેલ હોઈ વીજ પ્રવાહ તેમાંથી પસાર થતો હતો જે ગાયને અડી જતા ગાયનું મોત નીપજ્યું હતું.

## અરવલ્લી જીલ્લામાં આધારકાર્ડ સેન્ટરો પર સર્વર વારંવાર ડાઉન થતા અરજદારોને ધરમધક્કા

### રૂપિયા વધુ ખર્ચો તો ૧૫ મિનિટમાં આધારકાર્ડ નીકળતું હોવાનો અરજદારોનો આક્ષેપ

મોડાસા, તા. ૨૮

આધાર કાર્ડ હવે લગભગ બધી જગ્યાએ ફરજિયાત ડોક્યુમેન્ટ થઈ ગયું છે. ખાસ કરીને સરકારની દરેક યોજનાઓ સાથે આધાર કાર્ડને જોડી દેવાયું છે. આધાર કાર્ડની જ્યારે શરૂઆત થઈ ત્યારે તો ઘણી સહેલાઈથી નીકળી જતું હતું, પણ હવે, આધાર કાર્ડ કઢાવવું હોય તો સાત કોઠા ભેદવા જેવું કપરું કામ થઈ ગયું છે. અરવલ્લી જીલ્લામાં આધારકાર્ડ કઢાવવા જતા અરજદારોને સર્વર ડાઉન હોવાનું જણાવી આધારકાર્ડ માટે ધરમધક્કા ખવડાવવામાં આવતા હોવાથી અરજદારોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે.

પહેલા તો આધાર કાર્ડ માટે ઠેર-ઠેર સેન્ટરો હતા. પણ, હવે સેન્ટરો મર્યાદિત થઈ ગયા છે અને યુનિક આઈડેન્ટિફિકેશન ઓથોરિટી ઓફ ઈન્ડિયા (ૈંઢછૈં)એ પ્રાઈવેટ એજન્સીઓને કોન્ટ્રાક્ટ આપી દીધા છે. હવે ચોક્કસ જગ્યાઓ પરથી જ આધાર કાર્ડ નીકળે છે. કેટલીક બેંકોમાં પણ આધાર કાર્ડ કાઢી આપવા માટે સેન્ટર ફાળવાયા છે. તેમાંય પાંચ વર્ષથી નાના બાળકોનું આધાર કાર્ડ બનાવવું હોય તો લિમિટેડ સેન્ટરો પર જ નીકળે છે. આ સ્થિતિનો કેટલાક લોકો ભરપૂર ફાયદો ઉઠાવી રહ્યા છે.

ૈંઢછૈં એ ફાળવેલા સેન્ટરો પર સરકારી ભાવે એટલે કે ૩૦ રૂપિયાની ફી ચૂકવીને આધાર કાર્ડ નીકળે છે. પણ આ સેન્ટરો પર રોજ ૩૦થી ૩૫ લોકોને જ આધાર કાર્ડ બનાવી આપવામાં આવે છે. એટલે કે તમારે જો આધાર કાર્ડ બનાવવાનું હોય તો વહેલી સવારથી લાઈનમાં ઊભા રહી જવું પડે અને તમારું નસીબ સારું હોય તો પહેલા ૩૫માં તમારો નંબર આવી જાય, નહીં તો બીજા દિવસે આવીને ફરી લાઈનમાં ઊભા રહેવાનું. કેમકે, બીજા દિવસના



ટોકન અગાઉથી અપાતા નથી. વળી, જે ૩૫ લોકોનો નંબર લાગે તેમને ટોકન આપવામાં આવે અને તેમને સમય કહી દેવામાં આવે તે સમયે તેમણે આધાર કાર્ડ બનાવવા આવી જવાનું. આમ તમે વહેલી સવારથી લાઈનમાં ઊભા હોવ તો પણ એવું બને કે આધાર કાર્ડ બનાવવા માટે તમારો નંબર બપોર પછી આવે.

હવે જો તમારે આ ઝંઝટમાં ન પડવું હોય તો બીજો એક રસ્તો છે જે આપણા દેશમાં લગભગ દરેક સરકારી કામમાં કોમન છે અને તે છે રૂપિયા ખર્ચો. જો તમે ૧૫૦થી ૨૦૦ રૂપિયા ખર્ચ કરવા તૈયાર હોવ તો તમારા અનુકૂળ સમયે અને દિવસે માત્ર પાંચ મિનિટમાં આધાર કાર્ડ બનાવવાની પ્રોસેસ પૂરી થઈ જાય. કોઈ લાઈનમાં પણ નહીં ઊભા રહેવાનું અને ધક્કા ખાવાની પણ કોઈ જરૂર નહીં પડે. જોકે ૧૫૦ રૂપિયા તો મિનિમમ ભાવ છે, પછી તો જેવો માણસ અને જેવી તેની ગરજ, તેવા ભાવ બોલાય છે. કેટલાક સેન્ટરોએ તો રીતસર લૂંટ શરૂ કરી દીધી છે. વળી આ રૂપિયાની સામે કોઈ રસીદ આપવામાં નથી આવતી. માત્ર નવું આધાર કાર્ડ બનાવવાના જ નહીં, નામ સુધારવું હોય કે સરનામું બદલાવવું હોય, આ સેન્ટરો પર રૂપિયા આપીને થોડી મિનિટોમાં તમારું કામ થઈ જાય છે. લોકોને પણ એમ હોય છે કે, ૧૫૦-૨૦૦ રૂપિયામાં કામ થઈ જતું હોય તો ખર્ચી નાખીએ, ધક્કા તો નહીં ખાવા પડે. બસ, લોકોની આ માનસિકતાનો જ આ લોકો ભરપૂર લાભ ઉઠાવે છે.

સૌથી વધુ તકલીફ તો બાળકોના આધાર કાર્ડ બનાવવામાં પડે છે. એક તો આધાર કાર્ડ બનાવવા માટે બાળકોને સ્કૂલમાંથી રજા મૂકાવવી પડે. એમાંય તો એ દિવસે નંબર ન આવે તો બીજા દિવસે પાછી રજા પાડવાની. સંયુક્ત પરિવારમાં રહેતા હોવ તો ઠીક, નહીં તો બાળકને સાથે લઈને ધક્કા ખાવાના. ઘણીવાર તો એવા દ્રશ્યો જોવા મળે છે કે, માતા-પિતામાંથી કોઈ એક વહેલી સવારથી લાઈનમાં ઊભું રહે, જો ટોકન મળી જાય તો પછી જ્યારે નંબર આવવાનો થાય ત્યારે માતા-પિતામાંથી જે ઘરે હોય તે બાળકને લઈને આધાર સેન્ટર પર પહોંચે. આમ, એક બાળકનું આધાર કાર્ડ કઢાવવા ઘરના ત્રણ જણાએ હેરાન થવું પડે. વૃદ્ધ વ્યક્તિઓને તો આવા ધક્કા ખાવામાં કેટલી તકલીફ પડે તે સમજી શકાય તેવી બાબત છે. એટલે જ મોટાભાગના લોકો પોતાના પરિવારના વૃદ્ધ વ્યક્તિઓના આધાર કાર્ડ રૂપિયા આપીને કઢાવી લેવાનું જ યોગ્ય સમજે છે.

## ડીસા-પાટણ રોડ પર ઈકો ગાડીઓનો ખડકલો

### હાઇવે ચાર રસ્તે અવારનવાર ટ્રાફીક ચક્કાજામ



ડીસા

બનાસકાંઠા જિલ્લાના તાલુકા મથક ડીસામાંથી જિલ્લા મથક પાટણ અને છેક કાઠિયાવાડને જોડતો હાઈવે પસાર થાય છે જે રોડ ઉપર રાત દિવસ વાહનોની વધુ અવરજવર રહે છે પરંતુ હાલમાં ડીસા પાટણ હાઈવે સર્કલનો ખાનગી ઈકો ગાડીના ચાલકોએ જાણે બથામણિયો કબ્જો કરી દીધો છે જેથી રોડ ઉપર જ ગાડીઓનો ખડકલો જોવા મળે છે જેઓ રોડ ઉપર જ મુસાફરો બિન્દાસથી ભરે છે જ્યારે સર્કલ આજુબાજુ દુકાનદારો દબાણો કરી બેઠા છે ઉપરથી ઈકો ગાડીઓના ખડકલાથી પહોળો રોડ સાંકડો બની ગયો છે તેથી ચારે બાજૂથી આવતા વાહનોના કારણે રાહદારીઓને નીકળવું પણ મુશ્કેલ બની જાય છે જેના કારણે વાહનોની લાઈનો લાગી જતા ટ્રાફિક ચક્કાજામ થાય છે જેમાં વાહન ચાલકો પણ કલાકો સુધી અટવાય છે એટલું જ નહીં, સર્કલ ઉપર ગાડીઓના ખડકલાના કારણે નાના મોટા માર્ગ અકસ્માતો પણ થાય છે તેમછતાં જવાબદાર ટ્રાફિક પોલીસ માત્ર તમાશો નિહાળે છે આ બાબતે જાગૃત નાગરિકો દ્વારા દક્ષિણ પોલીસ મથકે વારંવાર રજુઆતો કરાય છે પણ તેમની વ્યાજબી રજૂઆત હપ્તાના હડમાલામાં ધ્યાને લેવાતી નથી તેથી ગમખ્વાર માર્ગ અકસ્માત સર્જાવાની દહેશત વર્તાય છે જેને ગમ્ભીરતાથી લઈ જિલ્લા પોલીસ વડા સત્વરે ઘટતાં પગલાં ભરે તેવો જનમત પ્રવર્તે છે.

## વડગામ પો.સ્ટે.ના પ્રોહીબીશનના ગુનામાં ત્રણ વર્ષથી નાસતા ફરતા આરોપીને મોકેશ્વર ખાતેથી પકડી પાડતી વડગામ પોલીસ

વડગામ

આઈજીપી ત્રિવેદી સરહદી રેન્જ ભુજનાઓ તરફથી નાસતા ફરતા આરોપીઓ પકડવા સારુ આપેલ ડ્રાઈવ અંતર્ગત પોલીસ અધિક્ષક શ્રી તરુણ કુમાર દુગ્ગલ બનાસકાંઠા પાલનપુર તથા શ્રી આર.કે પટેલ .પો.અધિક્ષક. પાલનપુર વિભાગ પાલનપુર તથા સર્કલ પો. ઈન્સ. પાલનપુર નાઓના માર્ગદર્શન હેઠળ

પો. સ. ઈ એન. એન. પરમાર વડગામનાઓ તથા વડગામ પોલીસ સ્ટાફના હરેશભાઈ, માધુસિંહ, બાબુભાઈ ભીખાભાઈ તથા ભુપેન્દ્રસિંહ સાથે પો.સ્ટે વિસ્તારમાં નાસતા ફરતા તથા પેરોલ ફર્લો ફરારી આરોપીઓની તપાસમાં હતા. દરમ્યાન બાતમી હકીકત આધારે વડગામ પો.સ્ટે. પ્રોહી ગુ.ર. નં. ૫૨૧૨/૨૦૧૬ પ્રોહી કલમ ૬૬ બી, ૬૫ ઈ મુજના કામે નાસતા ફરતા આરોપી બાબુજી સુરસંગજી જાતે. ઠાકોર રહે. મોકેશ્વર તા. વડગામવાળાને ૨૭મીએ મોકેશ્વર મુકામેથી પકડી પાડી અટક કરી કાયદેસરની કાર્યવાહી કરેલ છે.

## કાંટની દિવ્યાંગ દીકરી જિલ્લા કક્ષાના ખેલકુંભમાં ઝળકી

ડીસા

તાજેતરમાં જ જિલ્લા મથક પાલનપુર ખાતે ખેલમહાકુંભ અંતર્ગત દિવ્યાંગ રમતવીરો માટે જિલ્લા કક્ષાની રમતગમત



સ્પર્ધાઓ યોજાઈ હતી. આ રમતોત્સવમાં જિલ્લાભરના દિવ્યાંગ રમતવીરોએ ભાગ લઈ દમદાર પ્રદર્શન કર્યું હતું. ત્યારે વેપારી મથક ડીસા નજીક આવેલ કાંટ ગામની દિવ્યાંગ દીકરી કુ. બબીબેન ઉર્ફે બીના જીવાભાઈ ચૌધરી ગોળાફેંક સ્પર્ધામાં અન્ય સ્પર્ધકોને પરાસ્ત કરી પ્રથમ ક્રમે રહી ૫૦૦૦ રૂપિયાનું રોકડ ઈનામ મેળવી કાંટ ગામ તેમજ ચૌધરી સમાજનું ગૌરવ વધાર્યુ હતું. જિલ્લા કક્ષાએ પ્રથમ ક્રમે રહેલી આ દિવ્યાંગ ખેલાડીની રાજ્ય કક્ષાની સ્પર્ધા માટે પસંદગી થતા તેણીએ રાજ્ય સ્તરે પણ દમદાર પ્રદર્શન કરવાની તત્પરતા વ્યક્ત કરી હતી.

ઉલ્લેખનીય છે કે બાલ્યાવસ્થાથી જ શારીરિક અસમર્થતાના પગલે શાળાએ જઈ પ્રત્યક્ષ રીતે કેળવણીના પાઠ ભણવાથી વંચિત રહેલી દિવ્યાંગ દીકરી બીના ચૌધરીએ ઘરે બેઠા બી.કોમ. સુધીનો અભ્યાસ સફળ રીતે પૂર્ણ કરી અન્ય દીકરીઓને પણ રાહ ચીંધ્યો છે અને તેની હાલ રસાણા આઈટીઆઈમાં કોમ્પ્યુટર ઓપરેટર પ્રોગ્રામિંગ આસિસ્ટન્ટનો કોર્સ કરી મજબૂત મનોબળની પણ પ્રતીતિ કરાવી રહી છે.

## ભિલોડામાં અલ્પસંખ્યક-વિકલાંગ સમુદાયની જાગૃતિ શિબિર યોજાઈ



ભિલોડા, તા.૨૮

ભિલોડામાં અલ્પસંખ્યક-વિકલાંગ સમુદાયની જાગૃતિ શિબિર યોજાઈ હતી. એકતા સેવા ટ્રસ્ટના શબાનાબેન મનસુરી, પાકિઝાબેને જણાવ્યું હતું કે અલ્પસંખ્યક, વિકલાંગ સમુદાય માટે જાગૃતિ શિબિર જય ભોલે પાર્ટી પ્લોટમાં યોજાઈ હતી. સમાજ સુરક્ષા અધિકારી બી. એસ. પટેલ, જે. પી. પટેલ સમાજ સુરક્ષા અધિકારી, નિલેશભાઈ બાળ સુરક્ષા અધિકારી, કાંતીભાઈ પટેલ પ્રમુખ ભિલોડા તાલુકા ભાજપ સંગઠન, રામઅવતાર શર્મા, રામસિંઘભાઈ ઓડ, રાજેશભાઈ નિનામા સહિત આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. અધિકારીઓ, રાજકીય, સામાજીક આગેવાનોના વરદ્ હસ્તે શિબિર દરમ્યાન દિપ પ્રાગટ્ય કરીને ઉદ્‌ઘાટન કરાયું હતું.

શિબિરમાં અલ્પસંખ્યક, વિકલાંગ, સર્વ સમાજ સમુદાય માટે નિગમની સ્વરોજગાર લક્ષી મુદતી ધિરાણ યોજના હેઠળ વિવિધ ધંધા-વ્યવસાય, ઉચ્ચ શિક્ષણના અભ્યાસક્રમો માટે શૈક્ષણિક ધિરાણ યોજના અને વ્યસન મુક્તિ, બાળ લગ્ન નાબુદી, સામાજીક કુરીવાજો સહિત વિવિધ યોજનાઓની જાણકારી અધિકારકીઓ ધ્વારા અપાઈ હતી. અલ્પસંખ્યક-વિકલાંગ સમુદાયની શિબિર કાર્યક્રમ પ્રસંગે ડી. બી. પંડ્યા, યોગેશભાઈ બુધ્ધ, મનોજભાઈ પટેલ, મુકેશભાઈ મહેતા, શફીભાઈ મનસુરી, જીતેન્દ્રસિંહ રાઠોડ, જાકીરભાઈ મનસુરી, સલીમભાઈ બલોચ, રાજકીય, સામાજીક આગેવાનો, કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

## અરવલ્લીના તમામ ૮ મંડલો પર સંવિધાન દિન નિમિત્તે ઉજવણી કરાઈ

ભિલોડા, તા.૨૭

અરવલ્લી જીલ્લાના તમામ ૮ મંડલો ઉપર સંવિધાન દિન નિમિત્તે પી.એમ. નરેન્દ્રભાઈ મોદીના ઉદ્‌બોધન સાથે ઉજવણી કરાઈ હતી.ભારત દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનું સંસદના બંન્ને ગૃહને કરેલું સંયુક્ત સંબોધનનું લાઈવ પ્રસારણ દશ્ય અને શ્રાવ્યનું આયોજન કરાયું હતું. મોડાસા તાલુકા,શહેર સંગઠનના ઉપક્રમે અરવલ્લી જીલ્લા ભાજપ કાર્યાલય ખાતે વિશેષ આયોજન કરાયું હતું. જીલ્લા ભાજપ મહામંત્રી શાંમળભાઈ પટેલ, એસ. એમ. ખાંટ, કનુભાઈ, પ્રભુદાસભાઈ, જીલ્લા મહિલા, દલિત મોરચા પ્રમુખો, ભાજપ સંગઠનના અપેક્ષિત હોદ્દેદારો, કાર્યકરો, મોડાસા તાલુકા ભાજપ પ્રમુખ ભીખુસિંહ, મહામંત્રી રમેશભાઈ, અંકિતભાઈ સહિત તાલુકા, શહેરના સામાજીક, રાજકીય આગેવાનો, હોદ્દેદારો, કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. સંવિધાન દિનની ઉત્સાહભેર ઠેર-ઠેર ઉજવણી કરાઈ હતી.

## ભિલોડાના કુંડોલ (પાલ) જમીન વિવાદમાં યુવકની હત્યા કરનાર ૬ની ધરપકડ

### ૧ આરોપી સગીર હોવાનું ખુલ્યું



ભિલોડા, તા. ૨૮

ભિલોડા તાલુકાના કુંડોલ(પાલ) ગામે સોમવારે રાત્રીના સુમારે ખેલાયેલા ખૂની ખેલમાં જમીનના સેઢા પરથી પસાર થવા જેવી સામાન્ય બાબતમાં સેઢા પાડોશી પરિવારના સભ્યો એવા ૪ શખ્સો અને બે મહિલાઓએ યુવકની હત્યા કરી નાખતા ભારે ચકચાર મચી હતી. હત્યાના બનાવના પગલે ભિલોડા પોલીસ ઘટનાસ્થળે પહોંચી મૃતકની લાશને પીએમ માટે ખસેડી ૬ વ્યકિતઓ સામે ફરિયાદ નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

ભિલોડા પીઆઈ મનીષ વસાવા અને તેમની ટીમે હત્યાના બનાવની ઘટના પોલીસ ચોપડે નોંધાયાના ૨૪ કલાકમાં હત્યામાં સંડોવાયેલા ૩ શખ્સો,૨ મહિલા અને એક સગીર આરોપીની કુંડોલ(પાલ) ગામેથી ઝડપી પાડી રિમાન્ડ મેળવવા કોર્ટમાં રજુ કરવામાં આવ્યા હોવાની માહિતી પોલીસ સૂત્રો પાસેથી પ્રાપ્ત થઈ હતી. સોમવારે રાત્રીએ ખેતી કરી પિતા સાથે રહેતા ૨૨ વર્ષીય નવીન રમેશભાઈ તરારની જમીનના શેઢાના વિવાદમાં પાડોશી મુકેશભાઈ ધીરૂભાઈ ડામોર, પ્રિન્કલ કિરીટભાઈ ડામોર, ટીંકલ કિરીટભાઈ ડામોર, સંગીતાબેન મુકેશભાઈ ડામોર, આશાબેન કિરીટભાઈ ડામોર અને અન્ય એક સગીરે એક સંપ થઈ લાકડી અને મારક હથિયાર વડે ઘા ઝીંકી આટલેથી ન અટકતા યુવકને કુવામાં નાખી દઈ હત્યા કરી નાખતા સમગ્ર પંથકમાં ભારે ચકચાર મચી હતી. ભિલોડા પોલીસે ૩ શખ્સો, ૨ મહિલા અને હત્યામાં સંડોવાયેલ સગીર વિરુદ્ધ ઈપીકો કલમ-૩૨૩, ૩૦૨, ૫૦૪, ૫૦૬(૨), ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯ તથા જીપી એક્ટ કલમ-૧૩૫ મુજબ ગુન્હો નોંધી ફરાર હત્યારાઓને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા. ભિલોડા પોલીસે હત્યાના આરોપીઓ ભાગી જાય તે પહેલા તમામ આરોપીઓને ઘરની આજુબાજુથી દબોચી લઈ જેલના સળિયા પાછળ ધકેલી દીધા હતા.

## દાંતા તાલુકામાં રોયલ ક્ષત્રિય ઠાકોર સેનાની બેઠક યોજાઈ



દાંતા

બનાસકાંઠા જિલ્લાના દાંતા તાલુકાના નારગઢ મુકામે શ્રી રામ મંદિર ખાતે ઠાકોર સમાજ બેઠક યોજાઈ અને તે બેઠક માં રોયલ ક્ષત્રિય ઠાકોર સેના સંગઠનની સ્થાપના કરવામાં આવી આ બેઠક માં ઠાકોર સમાજના લોકોએ સાથ સહકાર આપ્યો અને સમાજ હિત ને ધ્યાનમાં રાખીને ઠાકોર સમાજ યુવાઓ એ પોતાના વિચારો રજૂ કર્યા આ સંગઠન નાં મુખ્ય ઉદેશ સમાજ માં એકતા આવે , સમાજ વ્યસન મુક્ત બને, આપણું સમાજ શિક્ષિત સમાજ, વગેરે મુદ્દા ઉપર આ સંગઠન કાર્યો કરશે આ બેઠક માં આવેલા યુવાઓ વડીલો નો ઉમંગ, ઉત્સાહ અને જનુન ને જોઈને એવું લાગતું હતું કે સમાજનો વિકાસ અને સમાજના હિત માટે આ સંગઠન નિસ્વાર્થ પ્રયત્નો કરશે.

## મ. લા. ગાંધી ઉચ્ચતર કેળવણી મંડળ ખાતે નવી સ્વનિર્ભર સાયન્સ કોલેજ તથા અટલ લેબનું ઉદ્‌ઘાટન

મોડાસા, તા. ૨૮

શ્રી મ.લા. ગાંધી ઉચ્ચતર કેળવણી મંડળ દ્વારા આજરોજ શિક્ષણ ક્ષેત્રે એક નવું પીછું ઉમેરાયું છે. મંડળ દ્વારા ૧૪ કોલેજો તથા ઈંગ્લીશ મીડીયમ સ્કુલ ઉપરાંત આ પ્રદેશના વિજ્ઞાન પ્રવાહના ધસારાના કારણે નવી સ્વનિર્ભર સાયન્સ કોલેજના દાતા મનુભાઈ કે. શાહ (લાટીવાળા) નામે તેમજ જે.બી. શાહ ઈંગ્લીશ મીડીયમ સ્કુલમાં અટલ ''ટેનકારિંગ'' લેબનું પ્રારંભ ગુજરાત સરકારના શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાના વરદહસ્તે કરવામાં આવ્યો હતો. જેમાં મ.લા. ગાંધી ઉચ્ચતર કેળવણી મંડળના પ્રમુખ નવીનભાઈ આર. મોદીના અધ્યક્ષસ્થાને ઉજવાયો હતો. જેના મુખ્ય મહેમાન તરીકે હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ ડો. અનિલભાઈ નાયક અતિથિ વિશેષ તરીકે કલેકટર અમૃતેશ ઔરંગાબાદ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના કારોબારી સભ્ય શૈલેષભાઈ પટેલ તથા મોડાસા નગરપાલિકાના પ્રમુખ સુભાષભાઈ એમ. શાહ તેમજ નવી કોલેજના દાતા ડૉ અસિતભાઈ શાહ (ચીફ



કન્સલ્ટન્ટ યુરોલોજિસ્ટ બરોડા) તથા પારૂલબેન શાહની નિશ્રામાં યોજવામાં આવ્યો.

શરૂમાં પ્રાર્થના બાદ સાયન્સ કોલેજના પ્રભારી મંત્રી સુરેન્દ્રભાઈ જે. શાહે મહેમાનોનું શાબ્દિક સ્વાગત અને મંડળ અને કોલેજનો ટૂંકમાં પરિચય આપ્યો હતો. સાબરકાંઠા અરવલ્લી જિલ્લા માટે નવી યુનિવર્સિટી માટેની રજૂઆત કરવામાં આવી જેમાં મંત્રી દ્વારા હૈયાધારણા આપવામાં આવી હતી.

કાર્યક્રમનું દિપ પ્રગટાવી દાતાની તકતીનું અનાવરણ તથા અટલ લેબનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ભામાશા તરીકે જાણીતા અને અમારા મંડળના ટ્રસ્ટી મહાસુખભાઈ પટેલ, છબીલદાસ શાહ અને ડૉ. અરુણભાઈ એન શાહ તેમજ ઉપપ્રમુખ મહેન્દ્રભાઈ શાહ (મામા) પ્રભારી મંત્રી પરેશભાઈ મહેતા ઘનશ્યામભાઈ જે. શાહ, પંકજભાઈ શાહ મંડળના હોદ્દેદારો શિક્ષણકારો વિવિધ કોલેજના આચાર્યોઓ, અધ્યાપકો તથા વહીવટી કર્મચારી તથા વિદ્યાર્થી ભાઈ-બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

શિક્ષણ મંત્રીના હસ્તે દાતાના પ્રતિનિધિ ડો. અસિતભાઈ એમ. શાહને બૂકે, શાલ અને મોમેન્ટથી સન્માન કરવામાં આવ્યું તેમજ મંડળ અને દાતાઓને અભિવાદન આપ્યા હતા અને શિક્ષણની આ જ્યોતને આ પ્રદેશમાં વધુ પ્રજવલિત કર્યો હતો.

અંતમાં આભારવિધિ મંડળના મંત્રી જયેશભાઈ દોશીએ કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સાયન્સ કોલેજના આચાર્ય ડો. કે.પી. પટેલ પ્રો.સંજય વેદિયા તથા જે.બી. શાહ ઈંગ્લીશ મીડીયમ સ્કુલના આચાર્ય શસીકાંતભાઈ પરમારે કહ્યું હતું.

## સરપંચ પરીષદના મહામંત્રીનું વડગામ ભાજપ કાર્યાલય ખાતે સન્માન કરાયું



વડગામ,

વડગામ તાલુકાના મેપડા-બાદરપુરા ગૃપ ગ્રામ પંચાયતના સરપંચ રાકેશભાઈ ભીખાભાઈ પ્રજાપતિનું ગુજરાત સરપંચ પરીષદમાં બનાસકાંઠા સરપંચ પરીષદના મહામંત્રી પદે વરણી કરવામાં આવતાં વડગામ ભારતીય જનતા પાર્ટીના આગેવાનો દ્વારા શાલ ઓઢાડીને સન્માન કરાયું હતું.

વડગામ ભારતીય જનતા પાર્ટીના કાર્યોલય ખાતે વડગામ તાલુકા ભાજપ પ્રમુખ પ્રવિણસિંહ રાણા, જિલ્લા પંચાયત ના પુર્વ સદસ્ય બાલકૃષ્ણ જીરાલા, કાનજીભાઈ ધુળીયા, તાલુકા ભાજપના પુર્વ મહામંત્રી ગોવિંદભાઈ ચૌધરી, રમેશભાઈ પટેલ, હરેશભાઈ વ્યાસ સહીત ભાજપના અગ્રણીઓ દ્વારા સરપંચ પરીષદના મહામંત્રી રાકેશભાઈ પ્રજાપતીનું શાલ ઓઢાડીને સન્માન કરાયું હતું.



## શેઠ કે ટી હાઈસ્કૂલમાં સંવિધાન દિવસની ઉજવણી

ખેડબ્રહ્માની શેઠ કે.ટી. હાઈસ્કૂલમાં ૨૬ નવેમ્બરના દિવસે સવિધાન દિનની ઉજવણી કરવામાં આવી હતી. માત્ર ૧૬૬ દિવસમાં તૈયાર થયેલ વિશ્વનું સૌથી મોટું સવિધાન એટલે ભારતનું સવિધાન. આ કાર્યકમમાં શાળાના વિદ્યાર્થીઓને સંવિધાનને વફાદાર રહેવાની અને સંવિધાનના આદર્શ, રાટ્રધ્વજ, રાટ્રગીતનો આદર કરવાની અને દેશની રક્ષા કરવાની, રસ્ત્રીય મિલકતોનું રક્ષણ કરવાની શપથ લેવડાવવામાં આવી હતી. તેના વિષે માહિતી પૂરી પાડવામાં આવી હતી. આ કાર્યકર્મમાં કેળવણી મંડળના પ્રમુખ અશ્વિનભાઈ જોશી, ઉપપ્રમુખ કનુભાઈ પટેલ, આચાર્ય વિભાશભાઈ રાવલ, કાપીલભાઈ ઉપાધ્યાય, સુપરવાઈજર પ્રકાશભાઈ પટેલ સહિત શાળા પરિવાર હાજર રહ્યો હતો. સમગ્ર કાર્યકર્મનું સંચાલન જયેન્દ્રસિંહ સોલંકીએ કર્યું હતું.